સંત બાળશિક્ષણ પ્રચારમાળા—૧૮

સાંજની મોજે

લેખક :
ગિજુભાઈ

દક્ષિણામૂર્તિ બાલમંદિર
ભાવનગર

સાંજની મોજો

લેખક:
ગિજુભાઇ

પ્રકાશક:
નાનાભાઇ, ગિજુભાઇ
શ્રી દક્ષિણામૂર્તિ વિદ્યાર્થિભવન, ભાવનગર

આવૃત્તિ પહેલી
પ્રત ૧૫૦૦

*

સંવત ૧૯૮૫
સને ૧૯૨૯

: મુદ્રણસ્થાન :
આદિત્ય મુદ્રણાલય
રાયખડ : અમદાવાદ
: મુદ્રક :
ગજાનન વિ. પાઠક

સાંજની મોજે

આળ વિકાસમાં અને આનંદમાં આપણે માબાપો ઘણું કરી શકીએ. આપણે શિર ઘણી પ્રવૃત્તિઓનો બોજો છે છતાં દરેક સાંજે મા અને બાપ વાળુ કર્યાં પછી બાળકોને કેટલીયે જાતની રમત ગમ્મત આપી શકે. એ માટે આપણામાં વિચાર જોઈએ. સાથે સાથે થોડીએક આવડત પણ જોઈએ.

વાર્તા આવી ગમ્મતનું એક સાધન છે. તે વિશે સામાન્ય રીતે આપણે જાણીએ છીએ તેથી અહીં કહેવાનું નથી.

વળી ઘરમાં રમી શકાય તેવી નાની નાની રમતો જેવી કે 'ઉકડ મુકડ કેટલો ભાર, એક ઉતાર' 'અડકણુ દડકણુ દહીંના ટાંકા,' 'અવડક ચવડક દામાકુ,' 'માણુ મીઠું,' 'ચકલી ચોખા ખાડે છે,' જરા મોટી રમતોમાં 'ગણુ ગણુ બોરશો' 'છાન ગપતીયું ચાલ્યું જાય' 'ગોરી ગાનો વાછડો' વગેરે રમતો ઘરના આનંદમાં વધારો કરે છે.

બીજી કેટલીએક ગમ્મતો પણ છે. આપણે બાળકો પાસે તે વારંવાર મૂકીને બાળકને તેથી રમવાના આનંદનો લાભ આપી શકીએ.

કેટલી એક રમતો શરીરના જૂદા જુદા ભાગોને, હાથના આંગળાંને, આંખનાં સ્નાયુઓને વગેરેને વ્યાયામ આપવા સાથે તેના સ્નાયુઓનો સમન્વય સાધનારી છે. નાનાં બાળકો આખા શરીરનો કયાં કયાં ને કેવી કેવી રીતે વ્યવહારમાં ઉપયોગ છે તેની જેમ શોધ કરે છે ને માહિતી મેળવે છે તેમ જ હાથનાં આંગળાં, જીભ, આંખો વગેરે કેવી રીતે વળે, કેવા તેમાં આકારો થઇ શકે, તેની રમતો કેમ ચાલે તે પણ ઘણીવાર શોધે છે ને ઘણીવાર જાણીને ખુશી થાય છે. નાનાં બાળકોમાં આવી રમતો મોટાં બાળકો પાસેથી, ને મોટાં બાળકો પાસે તેનાથી મોટાં બાળકો પાસેથી, એમ વડીલો પાસેથી આ જાતની ગમ્મતો નાનાંઓ તરફ ઉતરતી ચાલી આવે છે. આવી રમતોમાં હાથ કે આંગળાંની રમતો, દોરીથી આકારો બનાવવાની ને એવી રમતો, જૂદાં જૂદાં આસનો કરવાની રમતો આવે છે. બે હાથના આંગળાંઓનાં આંકડા બીડી બે હાથ વચ્ચે કાણું કરી તે કાણામાં માથું નાખવા કાઢવાની રમત ગમત કરતાં ઘણાં બાળકોને આપણે જોયાં છે. ડાબો

હાથ વાંસા પાછળ લઈ જઈ તેનાથી જમણા ડાબા પગના અંગુઠા પકડવાની મહેનત ઉઠાવવાંમાં કેટલોએ વખત બાળકો કાઢી નાખે છે. આંગળીઓની રમતોમાં દસે આંગળીઓ છેડેથી વાળીને તેની ગાયો કરવી, આંગળીઓથી ખાટલી કરવી, ગાય બકરીના આંચળો કરવા, વીંછીડો, કાચબો, ડોશીનો કુવો, 'ધોબીડો ધુવે છે ખળખળ પાણી જાય છે,' કરવું, એ વગેરે આંગળીની જુદી જુદી ગોઠવણો કરવામાં બાળકને ઘણી જ મઝા આવે છે. છેક નાનું બાળક બે હાથ અવળા રાખી તેના અવળાં આંકડા ભીડતાં શીખતાં કલાકોના કલાકો ને દિવસો સુદ્ધાં કાઢી નાખે છે. ડોશીનો કુઓ કરતાં શીખવા માટે તે જેને તેને બતાવીને કહે છે, ને 'આમ રખાય? આમ રખાય?' એમ પૂછી પૂછીને થકવે છે. તેને એ રચનાનો ખ્યાલ લેતાં નજર અને વિચારનો ઉપયોગ કરવો પડે છે. ત્યાર પછી તે તેને સિદ્ધ કરવામાં આસપાસની પરિસ્થિતિને, ઘણીવાર ભાગ ખાવો કે બા પાસે જવાનું પણ ભૂલી જાય છે. જ્યારે બાળક તેવું કરવાનું શીખી જાય છે ત્યારે તે 'બા, બા, મને ડાબળી કરતાં આવડી; બાપા, જુઓ તો મને કુવો કરતાં આવડ્યો!' એમ બા, બાપાની કને દોડ્યું જાય છે. પોતાને મહા મહેનતે આવડેલું બીજાં બાળકોને 'આમ કરોને,' 'અરે,

આમ નહિને, આમ,' 'બસ, ૪ તો આમ થાય,' એમ કહીને શીખવવામાં ખૂબ રસ લે છે. જે શુદ્ધ આનંદ તેને મળ્યો છે તે બીજાને આપવાનો તેને ઉત્સાહ અને ઉદારતા છે. તેને તેમાં માથાકુટ નથી લાગતી. આવી રમતો, વખતે એક ઘરમાં શરૂ થઈ એટલે બાજુના ઘરોમાં, ત્યાંથી શેરીમાં અને ત્યાંથી શાળામાં તે આવી પહોંચે છે. ઘરમાં આનું મહત્વ નથી હોતું તો માબાપ કહેશે 'હવે મૂકને એ બધા ચાળા, એમાં શું વળવાનું છે.' શાળાના શિક્ષકને આની કદર નથી હોતી તો તે કહે છે 'કેમ, અલ્યા એ હાથ સખના નથી રહેતા કે? અદબ પલોંઠી. જો ચાળા કર્યા છે તો, આ આંકણી ભાળી છે વગેરે.' પણ આ રમતો નિર્દોષ છે, સ્વાભાવિક છે. કારણકે તે વાટે બાળકો આનંદ સાથે આંગળીઓના સ્નાયુઓનો સહકાર સાધે છે ને સાથે સાથે ઝટ ઝટ ઉપર કહ્યા તેવા આકારો કરવાની કુશળતા મેળવે છે.

આપણે આવી નાની નાની રમતો બાળકોને ઘરમાં બેઠાં બેઠાં એક વાર બતાવીશું એટલે તેઓ તે ઝીલી લેશે ને તે શીખવા મંડશે ને શીખ્યા પછી કર્યા જ કરશે.

ઉપરની આંગળીઓના રમતોમાં જેમ ગમ્મત સાથે સ્નાયુસહકાર છે તેમ જ કેટલીએક ગમ્મતો

એવી છે કે જેમાં એક જાતની આવડત સિદ્ધ થાય બરાબર બને છે; જેમકે ચપટી વગાડવી. તેમ જ આંગળી ઉપર લાકડી ટેકવી તેને ન પડવા દેવી એ એક સુંદર રમત ગમત છે. આમાં બાળક એકાગ્રતાનો ઊંચો પ્રકાર સિદ્ધ કરવા તરફ જાય છે. બાળકને આંગળી ઉપરની લાકડી પડવા ન દેવા માટે લાકડીના બીજા ઊંચેના છેડા સામે ને સામે જ જોયા કરવું પડે છે ને ફરતી જતી લાકડીની સ્થિતિ પ્રમાણે શરીરને લઇ જવું પડે છે. આમાં અજાણપણે તે સમતોલતા કેળવે જ જાય છે. એકાગ્રતા અને સમતોલતાની કેળવણીમાં રમતનો આનંદ રહેલો છે. બાળકને એકવાર આ રસ્તો બતાવી દીધો એટલે તો દિવસો સુધી આ રમત ચલવ્યા કરશે.

શરીરના સ્નાયુ સાથે જોડાયેલી ઘરમાં ફરી શકાય તેવી બીજી ગમ્મતોમાં આપણે દોરીની રમતો ગણાવી શકીએ. દોરીથી મોર પગલાં થાય, નાક કાંપવાની, પણ વેરવાની, કુવો કરવાની ને એવી રમતો રમાય. આમાં એક સાદી દોરી માત્રની જરૂર છે. એકવાર આપણે દોરીની રમતને માર્ગે બાળકોને ચડાવ્યાં એટલે તેમની નવું શીખવાની–શોધ કરવાની–વૃત્તિ એટલી બધી તીવ્ર હોય છે કે તેઓ તેની પાછળ પુષ્કળ વખત મંડ્યા જ રહે છે. એક મોર

પૂંભલું સિદ્ધ કરવા માટે આજક પચાસ નહિ પણ પાંચસો વાર દોરી ફરી ફરીને ગોઠવશે. ઘરમાં ફરતાં વળીને બાળકો બેઠાં હોય ને બા કે બાપા દોરીની રમતો બનાવી રહ્યાં હોય ને બાળકો આતુરતાથી તે કેમ બને છે તે જોઇ રહ્યાં હોય એ દશ્ય જોવા જેવું છે. પછીથી ઘરમાં બાળકો દોરીના આકારો બનાવવામાં કેવી ગમ્મતમાં પડે છે તે દશ્ય કેવળ સહજ લાગશે. દોરીની રમતોમાં ગોઠવણુની યુક્તિના વિચારમાં બુદ્ધિની ખીલવટો છે જ. દોરીના આકારોમાં કળાકૃતિઓ તો દેખાય જ છે. દોરીથી વેરવાની અને નાક કાપવાની રમતમાં ગમ્મત અને જાદુ જેવું તો લાગે જ છે.

આપણે માબાપ તરીકે બાળકોને સાંજે બીજી ગમ્મત રમતો પણ આપી શકીએ. એક ગમ્મત છાયા ચિત્રોની છે. આપણે ભીંત ઉપર (દીવાનું અજવાળું પડતું હોય ત્યાં) આપણી આંગળીઓ કે હાથથી આકારો બનાવી તેના પડછાયા પાડીએ. એવાં હરણ, શિયાળ, કુતરું, ઊંટ, એવા એવા ઘણા આકારો આબેહુબ પડછાયામાં પડે છે. બાળકોને તે જોવાની રમુજ પડે છે. પછીથી તેઓ તે પ્રમાણે કરવાનું શીખી લે છે. સાંજે બત્તી થતાં વેંત આ વગર પૈસાનું મેજીકલેન્ટર્ન તે સિનેમા શરૂ થાય છે:

છાયા ચિત્રોની ચોપડીમાં હાથથી અમે કાગળનાં કે પૂંઠાના કટકાથી કેટલાએ આકારોના પડછાયા પાડવાની રીતો બતાવેલી છે. ઘરમાં આ ગમ્મત સુંદર છે. પૂંઠા કે કાગળના આકારો કરી તેનાં છાયા ચિત્રો પાડવામાં બાળકોને હાથ કારીગરીનો પરિચય થાય છે.

આવી જ રીતે સાંજની ગમ્મતોમાં કેટલીએક ઇંદ્રિયોની શક્તિની કસોટી રૂપ ગમ્મતો છે. કોઇ કોઇ અનુમાન કરવાની શક્તિની ગમ્મતો છે. બાળકો પડદા પાછળ રહી અવાજ કરે તે કોણ બોલ્યું તે ઓળખી કાઢવું, ઘરનાં જુદાં જુદાં ઠામો અંધારામાં વગાડવાં ને તેનાં નામો પારખવાં. અંધારામાં મોં પર હાથ ફેરવી ચ્હેરાને પારખવા, અંધારામાં ચીજોને ઓળખવી, અંધારામાં જે દિશા તરફથી અવાજ આવતો હોય તે તરફ જવું, ઘડિયાળની પાછળ પાછળ પાટા બાંધી મીણબત્તી ઓલવી નાખવી, આ જાતની રમતો નિર્દોષ ગમ્મતો છે. કોઇ વાર એક રમત બતાવાય, કોઈ વાર બીજી ચાલે. કોઈ વાર વળી ત્રીજી ઉપર ચડી જવાય. રોજ ઘરમાં કંઇને કંઈ રમતો ચાલે એટલે બાળકોને ભારે ગમ્મત આવે.

વળી બોલવાની પણ કેટલીએક ગમ્મતોને દાખલ કરી શકાય. દરેક બાળકને 'ચ'ની' ઉંધા 'અક્ષર'ની' 'અસ્મારે તસ્મારે'ની બોલી શીખવી ગમે છે. તેને

એકવાર બતાવી એટલે તો તે તેના ઉપર તૂટી પડે છે. નવી ભાષા શીખ્યા હોય તેમ બોલે છે. ખાનગી વાત કરવાનો આનંદ પણ લે છે. અને એમ 'ચ' વાપરીને કે 'અરમારે' વાપરીને મોઢાને ઠીક તાલીમ આપે છે.

વાણીપ્રયોગના વિનોદોની ગમ્મતો વળી જુદી જ છે. એ તો બાળકોને અને આપણને પણ ખૂબ રમાડે છે. એકાગ્ર ચિત્તથી બોલવાની એમાં કસોટી છે. જરાક ચૂક્યા કે હસાહસ તો છે જ. 'સૂપડામાં સાની, વાની સાની મુકી વાની ખાઉં' એમ વારંવાર કાળજીથી બોલવા છતાં 'સૂપડામાં સાની વાની સાની મુકી વાની ખાઉં' એમ બોલાય ત્યારે જોઇ લ્યો ગમ્મત. 'વાની' એટલે રાખ. એમ જ 'ભીંડા ઉપર લીંડું બેઠું ઉતર લીંડા ભીંડા ખાઉં' ને બદલે ભીંડા ઉપર લીંડુ બેઠું ઉતર ભીંડા લીંડુ ખાઉં' એમ બોલાય ત્યારે? આ વગેરે બોલવાના વાક્યો વિનોદભર્યા છે. સાંજને સુખી બનાવનારાં છે. ગંભીરતાનાં ભારેખમપણાને હળવા કરનાર છે. બાળકના લોહીને ઝટઝટ ફેરવી તેને આરોગ્ય બક્ષનારા છે.

ઘરમાં નાનાં બાળકો પણ છે ને મોટાં બાળકો પણ છે. નાનાં બાળકો આંગળીની રમતમાં મગ્ન છે'

છે તો મોટાં બાળકો માટે બુદ્ધિબળની રમતો ગમ્મતો, વિજ્ઞાનના પ્રયોગોની ગમ્મતો અર્થાત્ ઇંદ્રજાળ ઉર્ફે જાદુ કપટના ખેલો પડેલા છે.

જરા મોટાં બાળકો ઇંદ્રજાળના ખેલો પાછળ ગાંડાં ગાંડાં હોય છે. બાપા તેમને ' દોરી બળે પણ વીંટી બળે નહિ,' લોટા ઉપરના કાગળ બળે નહિ, ' ફરતો લોટો ઢોળાય નહિ,' ધારેલું એ કહી બતાવે કે ગંજીપાનું ધારેલું પાનું ગોતી આપે કે એવા એવા ગંજીપાના ખેલો કરી બતાવે ત્યારે છોકરાં મંત્રમુગ્ધ થઈ તેની પાસે બેઠાં રહેશે. તે શું છે તે શોધશે. તેમાં રહેલ વૈજ્ઞાનિક કારણોના પરિચયમાં આવશે ને છતાં તેની ગમ્મત તો એવીજ અનુભવશે. દરેક છોકરો છોડી આવા કેટલાએ ખેલો કર્યા કરે છે. આપણે જ તે તેને બતાવીએ ને ઘરને તે માટે રમવાનું સ્થળ બનાવીએ.

આવી ગમ્મતોમાંથી બાળકમાં શોધ કરવાનો આનંદ ઉપજશે અને શોધક બુદ્ધિ જન્મ પામશે ને ભૌતિકશાસ્ત્રના કેટલાએ નિયમોનો પરિચય થઈ જશે, પણ સૌથી મહત્વનો લાભ તેને તેની મજાનો થશે.

બુદ્ધિવિકાસની ગમ્મતોનો પાર નથી. ઉપરની રમતોમાં બુદ્ધિનો વિકાસ તો છે જ, પણ એ ઉપરાંત

ભાષાની ખિલવટ સાથે, અથવા તો ગણિતબુદ્ધિનાં વિકાસ સાથે; અથવા તો સામાન્ય અનુમાન કરવાની આવડને વધારવાની સાથે, બુદ્ધિની કસરત અને આનંદ આપનારી રમતો આપણે બાળકને રમાડી શકીએ. વરતો અને ઉખાણાની રમતથી આ જાતની છે:

'એક જનાવાર છ તું, ઈ પૂંછડે પાણી પીતું' કહો એ શું હશે? એમ પૂછાતાં બાળકો વિચાર કરે છે. કેટલીએ ચીજોનાં નામો સંભારે છે. છેવટે 'બત્તી' એમ જાણતાં આશ્ચર્યચકિત થતાં બુદ્ધિમાં નવું અજવાળું આવે છે.

'મૂઠી જેવડો મેમણ ને સુપડા જેવડી દાઢી,'

'ટીંગણો વાણીઓ, ટીંગણું પેટ, પેટ પછાડે, પાણા હેઠ.'

'નવ લાકડાં ફર્યે ફેરો, ઇ વરત ન વરતે એનો બાપ મુહો વેરો.'

'આટ કાટ લાકડાં મહી જોબનકી જાળી, ઇ વરત ન વરતે એનો બાપ અનીયો માળી.'

આ વરતોમાં વિનોદની ઝમક છે, ભાષાની ચમક છે ને બુદ્ધિને કસાવે તેવું છે.

જાનમાં જોઇએ ને ઘરમાં સોઇએ બે મળીને એક નામ, કહો પંડયાજી કયું ગામ?

'ભજનમાં જોઇએ ને માળામાં સોઇએ, બે એક ગામ, કહો પંડયાજી કયું ગામ ?'

આ જવાબ આપવા એટલે ભૌગોલિક જ્ઞાન અને અનુમાન કરવાની શક્તિ.

'અંગલે બેલી જંગલ બેલી જંગલના દરવાજા,
આવો સુંદર વરણીનારી ઘર કરૂએ તાજા.'

'પડી પડી પણ ભાંગી નહિ, કટકા થયા બેચાર,
વગર પાંખે ઊડી ગઈ પંડિત કરો વિચાર.'

'સુંદર સરોવર ચાર નૌતમ નીર ભર્યાં છે,
નહિ સરોવર નહિ પાળ ઠારો ઠાર ઠર્યો છે.

આવાં વરતો અને ઉખાણાનું કાવ્ય બાળકને ગમ્મત ગમ્મતમાં ઊંડેથી અડી જાય છે તે લાભ તો વધારામાં જ છે.

બધી રીતે વરતો ઉખાણા ઘરની ગમ્મતોમાં સુંદરમાં સુંદર ગમ્મત છે. એમાં કલા છે, કાવ્ય છે, ભાષાચાતુર્ય ને સુરચના છે, ને બુદ્ધિના ચમકારા પણ છે.

નામ ધારવાની રમત બુદ્ધિબળને કેળવે છે. બાળકોમાંથી એક જણ ધારેલું નામ શોધી કાઢનાર થાય ને બીજાં બાળકો નામ ધારે. શોધનાર બાળક પૂછે 'માણસ છે કે ?'

'હા.'

'પુરૂષ છે ?'

'હા'

'ખાવાનું છે?'

'ના'

આમ પૂછનાર બાળક નામ શોધવા માટે પ્રશ્નો પૂછે છે. તેના મનમાં એક જાતની વર્ગીકરણ કરવાની ક્રિયા ચાલે છે. તે નક્કી કરે છે 'માણસ છે એટલે જડસૃષ્ટિનું નામ તો નથી.' 'પુરુષ છે એટલે સ્ત્રી વર્ગમાં નથી.' એમ કરતાં કરતાં બાદબાકીથી ધારેલ નામે આવી પહોંચે છે.

બુદ્ધિની બીજી ગમ્મતોમાં સમસ્યાઓ છે. સમસ્યાઓ જરા મોટી ઉમ્મરનાં બાળકો વધારે આનંદથી છોડશે, સમસ્યાના સાહિત્ય તરફ વળશે અને વ્યંગાર્થમાં જતાં થશે. જ્યારે ઘરમાં સમસ્યાઓ જેવી રમતો રમાય છે ત્યારે ઘરનાં માણસો પણ તેમાં ભળે છે અને આખું ઘર બાળકો સાથે આનંદ ઉડાવે છે.

બુદ્ધિના કોયડાઓ સામસામે નાખવા છોડવાની રમત ચલાવી શકાય. કોયડાઓ એવા છે કે તેમાં જરાક હૈયા ઉકલત વાપરવી પડે. ક્યાંક દ્વિઅર્થ, ક્યાંક ગણિતની ગમ્મત, ક્યાંક સાધારણ બુદ્ધિનો વાણોતાણો કોયડામાં છે.

'શેઠ શેઠાણી બે, લાડવા આવ્યા ત્રણ, ભાગ્યા વિના ખવરાવો.' બાળક મુંઝાશે. શેઠ અને શેઠાણી

એ બે જણા છે તો દાઢે દાઢે લાડવો આવે. જોયા વિના શી રીતે ખવરાવવું? ત્યાં કોઈને સુઝશે કે શેઠ એક અને શેઠાણી બે એટલે ત્રણ જણા છે, માટે એક એક લાડવો વહેંચી શકાય. આમાં જરા કસરત છે, થોડો એવો ટુચકો છે. એવા ટુચકાઓ ગમ્મત આપે છે.

અંતકડીની રમત સૌને જાણીતી છે. કોઈ કોઇ છાત્રાલયો 'રાત્રિ પ્રવૃત્તિ' તરીકે એને ખાસ વાપરે છે. મુસાફરીમાં વાર્તાઓ અને અંતકડી મારગ કપાવનાર છે. અંતકડીની રમત જૂની જૂની કવિતાને તાજી કરવાનો અને પક્કી કરવાનો ઉપાય છે. પણ સૌથી સુંદર ગુણ તો પટપટ કવિતાઓ સંભારી શકવાની આવડત વાપરવાનો, નહિ કે બતાવવાનો છે. અંતકડી કે એવી કોઈ રમત હારજીત માટે કે પ્રદર્શન માટે થાય ત્યારે તેમાંથી આનંદ ઊડી જઈ વેર વગેરે જાગે છે ને છોકરાં લડી પડે છે તે ધ્યાન રાખવું. અંતકડીમાં તો આપણને મોટાંને પણ મઝા પડે છે. દરેકને બે પાંચ કવિતા, એકાદ બે લોકગીતો કંઈ કંઈ એવું આવડે જ છે. અંતકડીની રમત બા રમાડવા બેસશે તો બાપ ચોપડાં છોડીને રમવા આવશે અને બાપા રમાડવા બેસશે તો બા ઘડીકવાર ઓબોટ પડતો મુકીને કે ઓબોટ કરતી કરતી તેમાં

જોડાશે. ઘરમાં વાળુ કર્યા પછી ઉપરની પ્રવૃત્તિઓમાં અંતકડીનાં પ્રવૃત્તિ સુંદર અને નિર્દોષ આનંદ આપનારી છે. અંતકડી કવિતાની રમી શકાય તેમ જ નામ-વાચક શબ્દોની, ભૌગોલિક સ્થળોની કે કહેવતો પણ રમી શકાય. અંતકડી વખતે કેવી ગમ્મત જામે છે. નાનાં બાળકો અને મોટાં બાળકો કેવી આતુરતાથી રમત જોવે છે વગેરેનું ચિત્ર મીઠું લાગે છે.

ગણિતના કોયડાઓની ગમ્મત પણ ઘણો આનંદ આપનારી છે.

બાળશિક્ષણ કે આનંદમાં ખરી વાત દિશા ઉઘાડવાની છે. આવી જાત જાતની ગમ્મતો દ્વારા આનંદ સાથે બાળકો સામે નવા નવા વિચારના, અભ્યાસના, શોધના ક્ષેત્રો ખુલ્લા મૂકી શકીએ છીએ. બાળકોમાં સ્વભાવ વિવિધતા છે, બધાંને બધી ગમ્મતો બહુ ઊંડેથી ન રૂચે. સાહિત્યપ્રિય બાળક વારતા ઉખાણુામાં કે અંતકડીમાં વધારે ગમ્મત લેશે, સંગીતપ્રિય બાલક અંતકડીમાંથી સંગીતનો આનંદ શોધી લેશે, ગણિત સ્વભાવી બાળક ગણિતના કોયડા ઉકેલવા મનને ખૂબ રોકશે, તેના ઉકેલમાં તેને શ્રમ કરવો ગમશે, તેના ઉકેલનો આનંદ તેને બહુ ગમશે.

ગણિતના કોયડામાં ગણિતના દાખલા હોતા નથી. પણ ગણિતની વ્યવહારૂ બુદ્ધિ છે. એક રીતે

તો સાધારણ બુદ્ધિનો એ વિષય છે. પણ સાધારણ બુદ્ધિ જ કેળવણીનું ખરૂં પરિણામ અને તેની ખરી કિંમત છે.

આપણે બાળકોને ઉપર લખ્યા તે જૂદા જૂદા આનંદો વિનોદો આપીએ તેમાં નકલ કરવી એટલે કે અનુકરણનો અભિનય કરવો તેને પણ સ્થાન આપીએ. બીજા કરે તેમ કરવું એ વૃત્તિ બાળકમાં સ્વાભાવિક છે. આ વૃત્તિ સ્વયંશિક્ષણમાં સાધનરૂપ છે. આપણને બોલતાં ચાલતાં ખાતાં વગેરે કરતાં જોઈને બાળકો તેમ કરવાની ક્રિયાઓ જાણી લે છે ને પછીથી જ્યારે તેમ કરવું હોય ત્યારે તે ક્રિયાઓ કરી પોતાનાં કામમાં કામો કરે છે. જૂદા જૂદા અંગ-મરોડો કરીને અંગને સ્ફૂર્તિ અને વ્યાયામ આપવાની સાથે જ અંગ વિક્ષેપમાં રહેલી શરીરના આકારો રચવાની કુશળતા સાધવાની અને તેવી સાધનામાં આનંદ મેળવવાની ઇચ્છામાંથી અભિનય કરવાની શક્તિ વિકસાવતું બાળક એક પ્રકારે અને ઉપરથી કુદરત અને મનુષ્યના અંગોમાં થતા નાજુક સુંદર મરોડોને અનુસરે છે. બાળકોને નવીન લાગે તેવું, હમેશના અનુભવના બહારનું જરા વિચિત્ર એવું જોવામાં તો તે પ્રમાણે કરવામાં ગમ્મત પડે છે. તોતડો માણસ, લંગડો, બુઢ્ઢો, સડાક કરતો, બજર સુંઘનાર,-

બાડો, જુદી જુદી રીતે હાથ પગ કે માથું ડોકું હલાવનારો ને એવી કુટેવો કહો તો કુટેવો વાળો કે આદતવાળો માણસ તેનું ધ્યાન બહુ ખેંચે છે.

માબાપ, શિક્ષક, તેમ જ આજુબાજુની દુનિયાની બાળક ઉપર સચોટ છાપ પડે છે તેથી તેની વિશેષતાઓ કરવા તે જાય છે. બાળકને આપણે બકરૂં બોલાવતું, કાગડો બોલાવતું, બેં બેં કે ડરાઉ ડરાઉ કરતું જોયું છે. બાપા કરે તેમ બાપના ચશ્મા નાકે ચડાવીને કે બાની જેમ નાનાં બાળકોની બા બનીને બા–બાપાનો વેશ ભજવતાં તેમજ શિક્ષકના ચાળા પાડતાં બાળકો આપણે દીઠાં છે. બીજાં કારણો સાથે આમ કરવામાં બાળકને પોતાની નટવૃત્તિ કે અભિનય કળાને ખીલવવાનું કારણ હોય છે. માટે આપણે તેને ઘરના આનંદોમાં જરૂર જ સ્થાન આપીએ. આથી જાત જાતની બોલીઓ બોલવી, જાત જાતના જનાવરો કે મનુષ્ય સ્વભાવના અનુકરણો કરવા, અથવા વ્યક્તિઓના ખાસ ખાસ લક્ષણોની નકલ કરવી એ એક આનંદદાયક ગમ્મત છે. ઘણી વાર જ્યારે આપણે એવી ગમ્મત ઉડાવતાં બાળકોને હસી કાઢીએ છીએ, અથવા તો તેમાં બીજાના ચાળા છે, મશ્કરી છે, એમ કહી તેમને રોકીએ છીએ ત્યારે તેમને પાછળથી તે જ નિર્દોષ ગમ્મતોનો ખીજવવા માટે કે બીજાની નિંદા

[illegible]ઓની કે [illegible] પાડાયની [illegible] મઝા જોવા માટે ઉપયોગ કરે છે. આપણે પોતાના બાળા [illegible] પાડીએ પાડીએ એમાં શુદ્ધ નાટક છે. એવો જ ભાવ આગળ આણીએ એટલે તેમાં અત્યાર સુધીમાં જે એક જાતનું ચાંદુડીયાપણું આવ્યું છે તે નીકળી જાય. આ રીતે જાત જાતના મોઢાં બનાવવાં વગેરેની ગમ્મતોને ઘરમાં સ્થાન છે. જૂનો વખત જતો જાય છે. મજીયારામાં કે વડીલો જીવતાં હોય તે ઘરમાં મા કે બાપથી બાળકને સૌની દેખતાં રમાડાય, જમાડાય કે રીઝવાય નહિ એ સંકુચિતતા અને વિચિત્રતામાંથી આપણે મુક્ત થતા જઇએ છીએ. આપણાં જ પોતાનાં બાળકોને રમાડવાનું આપણને કેટલું બધું ગમે છે તે આપણે જાણીએ છીએ. જેમ જેમ આપણે જૂની શરમ અને જૂનો મલાજો છોડતા જઇએ છીએ તેમ તેમ આપણે બાળકની વધારે પાસે આવતા જઈએ છીએ. અને એમ જ હોવું જોઇએ. બાળકના આનંદમાં આપણો આનંદ કેટલો સમાએલો છે એનો અનુભવ કોને નથી? આપણા બાળકને જેટલું સુખી અને આનંદી રાખીશું તેટલું આપણું ઘર, આપણું જીવન આપણને સુખમય અને આરામદાયક, જીવનમાં મદદરૂપ થશે. બાપ બહારની પ્રવૃત્તિમાંથી ને મા ઘરના કામકાજમાંથી છૂટી થઈ બાળકો સાથે ભળશે ને તેમને ઉપર લખી જાત

જાતની ગમ્મતો આપશે તો બાળજીવનને સુખી કર્યાનો આશીર્વાદ મેળવશે.

આપણે બાળકોને નિર્દોષ આનંદો આપીશું તો તેઓમાં તેમ જ આપણામાં એ આનંદોથી તાજગી અને નવીનતા આવશે. કુટુમ્બપ્રેમ વધારે દૃઢ થશે. બાળકો અને આપણી વચ્ચે વધારે સમજણ થશે ને બાળકો આપણાથી છૂટાં પડી જઇને આપણને સમજાતાં નથી તેવાં અથવા આપણાથી સંતાતા ફરે ને બીએ તેવાં નહિ રહે. પરસ્પરનો વિશ્વાસ વધારવા અને તેથી ખાસ કરીને બાળકો આપણને પોતાનું હૃદય ગમે ત્યારે ઉઘાડું કરીને બતાવ્યા કરે તેવાં રાખવા માટે આપણે તેના આનંદો જાણીએ, તે તેમને આપીએ, ભળીએ ને તેની કદર કરીએ. સાંજનો કલાક અરધો કલાક આપણે આપણી વેપારની કે નોકરીની, વકીલની કે વૈદ્યની, સત્તાની કે સેવાની જંજાલોને ભૂલી જઇએ. આપણાં ઘરકામ, હિસાબ કિતાબ, નોકર ચાકરની વ્યવસ્થા તેમ જ બહારના વ્યવહારોની ચિંતાને કોરે મૂકીએ. એ વખતે આપણું આખું કુટુમ્બ એકઠું થાય ને આવી નાની નાની ગમ્મતો રમતો ઊડે. આપણે આટલું કરીશું એટલે પણ ઘણું કર્યું કહેવાશે.